**નારણપુરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

**પ્રેસ નોટ**

**અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી નારણપુરા પોલીસ**

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન સાહેબ તથા પો.ઈન્સ. શ્રી જે.આર.પટેલ નારણપુરા પોલીસ સ્ટેશન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી વણશોધાયેલ ગુના શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના હે.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ તથા હે.કો. બંસીભાઇ પરસોત્તમભાઇ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઇ તથા પો.કો. વાલસિંહ જીતેંદ્રસિંહ તથા લોકરક્ષક કિરણકુમાર નરસિહજી તથા લોકરક્ષક અરજણભાઇ પ્રેમજીભાઇ તથા લોકરક્ષક દિલીપજી પ્રધાનજી તથા લોકરક્ષક કમલેશભાઇ અમરીશભાઇ વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન **હે.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ** નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૫૩૫/૧૯ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેક્ટ કરી **આરોપી ચિરાગ હરીશભાઇ મારવાડી ઉવ.૨૭ ધંધો-છુટક મજુરી રહે- કુંભારવાસ દશામાના મંદિરની સામે રામાપીરનો ટેકરો જુના વાડજ અમદાવાદ શહેર** નાને નારણપુરા પો.સ્ટે. જા.જોગ.નં.૬૫/૧૯ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબના કામે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતેનો વણશોધાયેલ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

